ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ
બોર્ડ નિગમ વિસ્તાર સેક્ટર-૧૦/એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર-૨૩૨૫૦૨૯૬-૨૩૨૫૦૩૩૨-૨૩૨૫૦૨૯૪
ફેક્સ : (૦૭૯)૨૩૨૫૦૨૮૦/૨૩૨૪૪૯૨૬
E-Mail : gmfb1@yahoo.co.in
Web : www.gmfb.in

ISO 9001 : 2000

દ.ફુ. નં. મફબ/મનો.કર/કેબલ ટીવી/ગ્રાંટ/૨૦૧૧-૧૨/વશી/ ૧૮૮૩૯ તા. 07 JUN 2011

<u>વંચાણે લીધા :-</u>

૧) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૫/૪/૨૦૧૧ના ઠરાવ નં. બજટ/૧૧૨૦૧૧/૧૦૨૪/(૩)બ તથા તેમાં વંચાણે લીધેલ ઠરાવો

૨) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૫/૪/૨૦૧૧ના ઠરાવ નં. બજટ/૧૧૨૦૧૧/૧૦૨૪/(૧)બ તથા તેમાં વંચાણે લીધેલ ઠરાવો

૩) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગના તા.૧૧/૧૨/૨૦૦૯ના ઠરાવ નં.મફબ/૧૧૨૦૦૯/૩૨૧૭/ધ

૪) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગના તા.૧૦/૬/૨૦૦૮ના ઠરાવ નં.નગપ/૧૧૨૦૦૭/૧૩૫૦/આર.

૫) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગના તા.૮/૧૧/૨૦૦૪ના પત્ર નં. પઉઅ/૧૧૨૦૦૪/૫૯૬૮/આર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરનો તા. ૧૨/૫/૨૦૧૧ નો પત્ર નં. સેસ/જનરલ-૫૯/૮૦૫૨૯

૬) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની લોન રીકવરી બ્રાંચ તરફથી તા.૨૭/૫/૧૧ ના પત્ર નં.મફબ/લોન/ડબલ એન્ટ્રી એકા./૨૦૧૧-૧૦/૧૮૧૭૩ થી તથા તા.૨૦/૫/૨૦૧૧ના પત્રકથી IDSMT યોજનાના બાકી લ્હેણાં અંગેની મળેલ વિગતો

૭) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરના તા.૧૩/૫/૨૦૧૧ના પત્ર નં. જા.નં./એબી/લોન/બાકી લ્હેણા;/ગુ.મ્યુ.ફા.બોર્ડ/૩૧૨૫/૨૦૧૧

## <u>દફતરી હુકમ</u>

વંચાણે લીધેલ આમુખ-(૧) તથા (૨) પરના સરકારશ્રીના શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૫/૪/૧૧ના ઠરાવોથી સને ૨૦૧૧-૧૨ના વર્ષ માટેની મનોરંજન કરની ગ્રાંટ રૂા.૩૯,૨૫,૦૦,૦૦૦/- તથા કેબલ ટી.વી. ડીસ્ક એન્ટેના પરની મનોરંજન કરની ગ્રાંટ રૂા.૨,૦૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂા.૪૧,૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકતાલીસ કરોડ પચ્ચીસ લાખ પુરા) ની ગ્રાંટ આ બોર્ડને હવાલે મુકવામાં આવેલ છે. પ્રસ્તુત ગ્રાંટની રકમ વંચાણે લીધેલ આમુખ-(૩) પરના સરકારશ્રીના તા.૧૧/૧૨/૨૦૦૯ના ઠરાવથી નિયત થયેલ ગ્રાંટ ફાળવણીના માપદંડો અને ધોરણો મુજબ વસતિ અને ભારાંકના આધારે ફાળવણી તથા ચુકવણી રાજયની

મહાનગરપાલિકાઓ / નગરપાલિકાઓને કરવાની રહે છે. તે મુજબ રાજયની આઠ મહાનગરપાલિકાઓ તથા એકસો ઓગણસાંઇઠ નગરપાલિકાઓ વચ્ચે ફાળવવાની થાય છે.

તદ્દઅનુસાર સને ૨૦૧૧-૧૨ની મનોરંજન કર ગ્રાંટની રકમ રૂ।.૩૯,૨૫,૦૦,૦૦૦/- સામેલ <u>પરિશિષ્ટના કોલમ-(૩)</u> માં તથા કેબલ ટી.વી. ડીસ્ક એન્ટેનાની ગ્રાંટની રકમ રૂ।.૨,૦૦,૦૦,૦૦૦/- <u>પરિશિષ્ટના કોલમ-(૪)</u> માં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થાનિક સંસ્થાઓને સને ૨૦૧૧-૧૨ ના વર્ષ માટે મનોરંજન કર + કેબલ ટી.વી ડીસ્ક એન્ટેનાની ગ્રાંટ મળી <u>કુલ રૂ।.૪૧.૨૫ કરોડની</u> રકમ તરીકે મળવાપાત્ર થાય છે. ઉકત રકમમાંથી સંબંધિત મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓને મળવાપત્ર ગ્રાંટમાંથી આમુખ-૩ પરના વંચાણે લીધેલ ઠરાવની જોગવાઇ મુજબ નીચે દર્શાવ્યા મુજબની લ્હેણાંની કપાત કરવાની થાય છે.

તદ્દઅનુસાર ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને હવાલે મુકવામાં આવેલ સને ૨૦૧૧-૧૨ના વર્ષ માટેની **મનોરંજન કર**ની ગ્રાંટ રૂ।.૩૯,૨૫,૦૦,૦૦૦/- તથા **કેબલ ટી.વી.** ડીસ્ક એન્ટેના પરની મનોરંજન કરની ગ્રાંટ રૂ।.૨,૦૦,૦૦,૦૦૦/- **મળી કુલ રૂ।.૪૧,૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકતાલીસ કરોડ પચ્ચીસ લાખ પુરા)** (પરિશિષ્ટના કોલમ-(૫) માંથી, મળવાપાત્ર ગ્રાંટની રકમના ૫૦ ટકા રકમની મર્યાદામાં નીચે મુજબની કપાત કરવામાં આવે છે.

પ્રથમ આમુખ-(૫) માં દર્શાવેલ પત્રની વિગતો ધ્યાને લઇ <u>પાણી ઉપકરની ભરવાની મુદ્દલ</u> રકમ જે સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકા તરફથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં જમા કરાવવામાં આવેલ નથી તેની લ્હેણાંની રકમ <u>રૂ।.૬૯,૮૦,૧૬૦/-</u> **(અંકે રૂપિયા અગણોસિત્તેર લાખ એંશી હજાર એકસો સાઇઠ પુરા)**ની (સામેલ પરિશિષ્ટના કોલમ-(૬) મુજબ) રકમ સ્થાનિક સંસ્થાઓને મળવાપાત્ર ગ્રાંટમાંથી કરપાત કરી <u>ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરને ચુકવવાનો આથી આદેશ</u> કરવામાં આવે છે.

ત્યાર બાદ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સ્થાનિક સંસ્થાઓ પાસે બાકી લ્હેણાંની (આમુખ-૬ પરના પત્ર + IDSMT યોજનાના પત્રકની વિગતે) કપાત કરવાની થાય છે. તે મુજબ સને ૨૦૧૧-૧૨ના વર્ષની કુલ એકંદર મળવાપાત્ર ગ્રાંટમાંથી IDSMT યોજના, વાજપાઇ નગર વિકાસ યોજના તબકકો-૧ તથા ૨, એન.એસ.ડી.પી. યોજના, નગર વિકાસ શ્રીનીધિ યોજનાની મળી કુલ <u>રૂ।. ૧૫,૫૪,૩૦,૫૭૫/-</u> **(અંકે રૂપિયા પંદર કરોડ ચોપન લાખ ત્રીસ હજાર પાંચસો પંચોતેર પુરા)** ની કપાત આ સાથેના પરિશિષ્ટના કોલમ-(૭) થી (૧૧) મુજબ કરી, સદર રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સંબંધિત યોજનાના હિસાબે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

બાદ, વંચાણે લીધેલ ક્રમ-(૮) પરના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરના પત્ર અનુસાર સ્થાનિક સંસ્થાઓને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા માટેની યોજનાઓ માટે અપાયેલ **જીવન વિમા નિગમની લોનના બાકી લ્હેણાં પેટે** રૂ! ૪૬,૮૪,૭૦૮/- (અંકે રૂપિયા છેંતાલીસ લાખ ચોર્યાશી હજાર સાતસો આઠ પુરા)ની કપાત આ સાથેના **પરિશિષ્ટના કોલમ(૧૩)** મુજબ કરવામાં આવે છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરવતી રૂ!.૪૬,૮૪,૭૦૮/- ની રકમની કરેલ સદરહુ વસુલાત પર ૨(બે) ટકા સર્વિસ ચાર્જ લેખે રૂ!.૯૩૬૯૪=૧૬ પૈ **i.e. રૂ!.૯૩૬૯૪/-(અંકે રૂપિયા ત્રાણું હજાર છસો ચોરાણું પુરા)** ની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હિસાબ ખાતે જમા લેવા અને બાકી રહેતી રકમ રૂ!.૪૫,૯૧,૦૧૩=૮૪ પૈ. **i.e. રૂ!.૪૫,૯૧,૦૧૪/- (અંકે રૂપિયા પીસ્તાળીસ લાખ એકાણું હજાર ચૌદ પુરા)** ની રકમ **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને ચુકવવાનો** આથી આદેશ કરવામાં આવે છે.

સને ૨૦૧૧-૧૨ ની મનોરંજન કરની રૂ!.૩૯,૨૫,૦૦,૦૦૦/- તથા કેબલ ટીવી ડીસ્ક એન્ટેના મનોરંજન કરની રૂ!.૨,૦૦,૦૦,૦૦૦/-ની ગ્રાંટ મળી કુલ રૂ!.૪૧,૨૫,૦૦,૦૦૦/-ની ઉપર મુજબ કરેલ ફાળવણીની રકમમાંથી ઉપર દર્શાવેલ **બાકી લ્હેણાંની કુલ રકમ રૂ!.૧૬,૭૦,૯૫,૪૪૩/- (અંકે રૂપિયા સોળ કરોડ સિત્તેર લાખ પંચાણુ હજાર ચારસો તેંતાલીસ પુરા)** (પરિશિષ્ટના કોલમ-(૧૪) મુજબ) વસુલાત કરતાં મહાનગરપાલિકાઓ / નગરપાલિકાઓને મનોરંજન કર તથા કેબલ ટીવી ડીસ્ક એન્ટેનાની બાકી રહેતી રકમ **કુલ રૂ!.૨૪,૫૪,૦૪,૫૫૭/- (અંકે રૂપિયા ચોવીસ કરોડ ચોપન લાખ ચાર હજાર પાંચસો સત્તાવન પુરા)** ની આ સાથે સામેલ **પરિશિષ્ટના કોલમ-(૧૫)** માં દર્શાવેલ રકમ સંબંધિત સ્થાનિક સંસ્થાને સને ૨૦૧૧-૧૨ ની મનોરંજન કર તથા કેબલ ટીવી ડીસ્ક એન્ટેનાની ગ્રાંટ તરીકે ચુકવવાની રહે છે.

આ રકમ સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકાએ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરની મનોરંજન કર ગ્રાંટની માર્ગદર્શિકા – ૧૯૯૯ મુજબ નિયત થયેલ કામો માટે જનરલ બોર્ડના ઠરાવથી નકકી કરીને આમુખ-૩ ઉપરના તા.૧૧/૧૨/૨૦૦૯ના વંચાણે લીધેલ ઠરાવની જોગવાઇ મુજબ નગરપાલિકાના કિસ્સામાં સંબંધિત જીલ્લા શહેરી વિકાસ એજન્સી કચેરી(ડુડા)ને તથા મહાનગરપાલિકાના કિસ્સામાં કમિશ્નરશ્રીને દરખાસ્ત રજુ કરી, વહીવટી મંજુરી મેળવ્યા બાદ વાપરવા માટે નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન રહીને ચુકવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

શ ર તો :-

૧. આ હુકમથી ચુકવવામાં આવેલ રકમ સંબંધિત તમામ મહાનગરપાલિકાઓએ કમિશ્નરશ્રીના નામના મહાનગરપાલિકાના બેન્ક ખાતામાં તથા નગરપાલિકાઓએ ચીફ ઓફિસરશ્રી તથા કચેરી અધિક્ષકશ્રી/એકાઉન્ટન્ટના સંયુકત નામના રાષ્ટ્રીયકૃત બેન્કના અલગ ખાતામાં સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના ઠરાવ મુજબ જમા કરાવવાની રહેશે.

૨. આ હુકમથી પરિશિષ્ટ મુજબની ચુકવવામાં આવેલ ગ્રાંટ મનોરંજન કર / કેબલ ટી.વી. ડીસ્ક એન્ટેના યોજનાની ગ્રાંટ, મનોરંજન કર ગ્રાંટ માર્ગદર્શિકા-૧૯૯૯ માં નિર્દિષ્ટ સંબંધિત હેતુઓ માટેના કામો સારૂ આ બોર્ડના તા.૨૧/૧૨/૨૦૦૯ના પત્ર નં. મફબ/અનુદાન/૨૦૦૯/વશી/૫૧૫૧ થી ૫૩૯૧/૦૯/૩૯૦૧૫ મુજબ મહાનગરપાલિકાના કિસ્સામાં કમિશ્નરશ્રીની તથા નગરપાલિકાઓના કિસ્સામાં સંબંધિત જિલ્લા શહેરી વિકાસ એજન્સી(ડુડા)ની વહીવટી મંજુરી મેળવી કામો કરવાના રહેશે. વધુમાં અગાઉના વર્ષોની ચુકવાયેલ ગ્રાંટોમાંથી મળેલ વહીવટી મંજુરી મુજબના બાકી કામોના કમ્પલીશન સર્ટીફીકેટ આ બોર્ડને નિયત નમુનાના ખર્ચપત્રક તથા મંજુર થયેલ કામોના ફોટોગ્રાફસ સહ મોકલી આપવાના રહેશે.

૩. આ હુકમથી ચુકવવામાં આવેલ ગ્રાંટ અન્વયે સર્વે મહાનગરપાલિકાઓએ તથા સંબંધિત જિલ્લા શહેરી વિકાસ એજન્સી(ડુડા)એ સરકારશ્રી તથા આ બોર્ડ તરફથી આપવામાં આવતી વખતોવખતની સુચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે.

ઉપરોકત ગ્રાંટની રકમનો ખર્ચ સને ૨૦૧૧-૧૨ની સરકારશ્રી તરફથી બોર્ડ હસ્તક મુકવામાં આવેલ મનોરંજન કર તથા કેબલ ટીવી ડીસ્ક એન્ટેના ગ્રાંટના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

બિડાણ : પરિશિષ્ટ

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

રવાના કર્યું
નાયબ નિયામક(ગ્રાન્ટ)
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

પ્રતિ,

- કમિશ્નરશ્રી – સર્વે મહાનગરપાલિકાઓ (આઠ)
- પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી, સર્વે નગરપાલિકાઓ

**(કુલ-(૧૫૯) આ સાથે સામેલ પરિશિષ્ટના કોલમ-૨ મુજબ)**

<u>નકલ જયભારત સહ રવાના :-</u>

૧. નાયબ સચિવશ્રી, માન. મંત્રીશ્રી(શ.વિ.વિભાગ) કાર્યાલય, બ્લોક નં.૧, ૭ મે માળ, સચિવાલય, ગાંધીનગર.

૨. નાયબ સચિવશ્રી(ધ-શાખા) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

3. નાયબ સચિવશ્રી(બ-શાખા) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪. નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

૫. પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી – રાજકોટ, કલેકટર કચેરી કંપાઉન્ડ, રાજકોટ.

૬. કલેકટરશ્રી – સર્વે જિલ્લાઓ(ડાંગ સિવાય)

૭. અધિક કલેકટરશ્રી / જિલ્લા આયોજન અધિકારીશ્રી, સર્વે જિલ્લા શહેરી વિકાસ એજન્સી(ડુડા) (ડાંગ સિવાય)

૮. આસી. એકઝામીનરશ્રી, લોકલ ફંડ ઓડીટ, સર્વે જિલ્લા (ડાંગ સિવાય)

૯. સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર.

૧૦. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

૧૧. નાયબ નિયામકશ્રી(હિસાબ) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ.. ૨/- આ દફતરી હુકમના પરિશિષ્ટના કોલમ- (૭) થી (૧૧) માં દર્શાવેલ વિગતે

**(૧)**

| ક્રમ | યોજનાનું નામ | કપાતની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | **IDSMT યોજના** | ૨,૮૨,૧૪,૪૪૯ |
| ૨ | વાજપાઇ નગર વિકાસ યોજના-૧ | ૫,૩૧,૧૦,૯૨૬ |
| 3 | વાજપાઇ નગર વિકાસ યોજના-૨ | ૬,૪3,૮૯,૫03 |
| ૪ | એન.એસ.ડી.પી. યોજના | ૨૫,૧૮,૬૬૯ |
| ૫ | રીવોલ્વીંગ ફંડ/શહેરી વિકાસ ભંડોળ/નગર વિકાસ શ્રીનીધિ યોજના | ૭૧,૯૭,0૨૮ |
| | **કુલ રૂા.** | ૧૫,૫૪,30,૫૭૫ |

**(અંકે રૂપિયા પંદર કરોડ ચોપન લાખ ત્રીસ હજાર પાંચસો પંચોતેર પુરા) ની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સ્થાનિક સંસ્થાઓ પાસેના બાકી લ્હેણાં પેટે જમા લેવા તથા**

(૨) રૂા.૬૯,૮૦,૧૬૦/- (અંકે અગણોસિત્તેર લાખ એંશી હજાર એકસો સાઇઠ

પુરા) ની રકમ <u>ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ</u>, ગાંધીનગરના વોટર સેસના સ્થાનિક સંસ્થાઓના બાકી લ્હેણા પેટે કપાત કરી **સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરના** નામના ચેકથી ચુકવવા તથા

(3) રૂ।.૪૫,૯૧,૦૧૪/- (અંકે પીસ્તાલીસ લાખ એકાણું હજાર ચૌદ પુરા) ની રકમ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરના L.I.C. લોનના સ્થાનિક સંસ્થાઓના બાકી લ્હેણાં પેટે વસુલ લઇ <u>સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર</u>ના નામના ચેકથી ચુકવવા તથા રૂ।.૯૩,૬૯૪/- (અંકે રૂપિયા ત્રાણું લાખ છસો ચોરાણું પુરા) સર્વિસ ચાર્જ પેટે આ બોર્ડના હિસાબોમાં જમા લેવા અંગેની કાર્યવાહી કરવાની વિનંતી સહ.

(૪) **પરિશિષ્ટના કોલમ(૧૫)માં દર્શાવેલ કુલ રૂ।.૨૪,૫૪,૦૪,૫૫૭/- (અંકે રૂપિયા ચોવીસ કરોડ ચોપન લાખ ચાર હજાર પાંચસો સત્તાવન પુરા)** ની રકમ જે તે સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી તથા કચેરી અધિક્ષક/એકાઉન્ટન્ટના નામના તથા મહાનગરપાલિકાઓને સંબંધિત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના નામના ચેક/ડ્રાફટથી મોકલી આપવાની વિનંતી.

૧૨. સર્વે અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.

૧૩. લોન રીકવરી શાખા, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી કરવા સારૂ તથા બોર્ડના જે તે યોજનાના લ્હેણાં પેટે જમા થયેલ રકમની વિગતોની સંબંધિત મહાનગરપાલિકા/નગરપલિકાને જાણ કરવાની વિનંતી સહ.

૧૪. કોમ્પ્યુટર કન્સલ્ટન્ટ, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ તરફ.. તમામ મહાનગરપાલિકા/નગરપાલિકાને ઇ-મેઇલ થી જાણ કરવા તથા બોર્ડની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.

૧૫. રજીસ્ટર ફાઇલ

૧૬. સીલેકટર ફાઇલ.



વેબસાઈટ પર મુકી આપવી